TARGET
Keep Antibiotics Working

# હું મારા સામાન્ય ચેપને કેવી રીતે સંચાલિત કરી શકું?

## 16 વર્ષ અથવા તેથી વધુ વયના પુખ્ત વયના લોકો માટે એક પત્રિકા

## 1. સામાન્ય ચેપના લક્ષણો શું છે?

**એ**

### આંખો

- આંખો ચોંટી જવી

**સી**

### છાતી

- ખાંસી
- હાંફ ચઢવી
- લીલી અથવા પીળી લાળ

**ઇ**

### ત્વચા

- ચેપગ્રસ્ત ફોલ્લાઓ
- જખમની આસપાસ લાલાશ અથવા સોજો
- પગની દરાજ (અંગૂઠાઓની વચ્ચે ખંજવાળવાળી ફોલ્લીઓ)




**બી**

### કાન, નાક અને ગળું

- પીડા અથવા દુખાવો
- નાક વહેવું
- કાકડા ફૂલી જવાં

**ડી**

### આંતરડું

- ઉલટી
- અતિસાર

**એફ**

### જનનાંગો અને પેશાબ

- પેશાબ કરતી વખતે થતો દુખાવો
- રાત્રે વધુ વખત પેશાબ કરવો
- ડહોળું પેશાબ
- સ્રાવ
- પેટમાં નીચેના ભાગમાં દુખાવો

## 2. જો મને લાગતું હોય કે મને કોરોનાવાયરસ (કોવિડ-19) છે તો શું?

કોવિડ -19 ના સામાન્ય લક્ષણો એ જોવા માટે છે:

- તમારી ગંધ અથવા સ્વાદની સમજ ગુમાવવી અથવા બદલાઈ જવી
- એક ઉચ્ચ તાપમાન, અને
- નવી, સતત ઉધરસ.

કોવિડ -19 વિશે વધુ સલાહ માટે **www.gov.uk/coronavirus** ની મુલાકાત લો અથવા તમારી પ્રાદેશિક તબીબી હેલ્પલાઇનને કોલ કરો (પત્રિકા પાછળ જુઓ).

TARGET is operated by the UK Health Security Agency. Developed in collaboration with professional medical bodies.
Version: 1.1. Published: Nov 2020. Review date: Nov 2023.

## 3. હું સામાન્ય ચેપની સારવાર કેવી રીતે કરી શકું?

**તમને સારું ન લાગે ત્યાં સુધી ખૂબ આરામ લો.**

**પીડાશામક લો** જો તમને જરૂર હોય તો (ખાતરી કરો કે તમે સૂચનોનું પાલન કરો છો).

**પુષ્કળ પ્રવાહી લો** (6 થી 8 પીણા, અથવા 2 લિટર) જેથી તમને નિયમિત ફીકા રંગનો પેશાબ આવે.




**ખાંસી** માટે, મધ અને ઉધરસની દવાઓ અજમાવો. **ગળામાં દુખાવા** માટે, ઔષધીય લોઝેન્જ અને પીડાશામક અજમાવો.

સ્વચ્છ ગરમ અથવા ઠંડા ભીના ઊની કપડા વડે **આંખના ચેપ**ની પીડા ઓછી કરો.

**કાનના બહારના ચેપ માટે,** સ્થાનિક ગરમી લાગુ કરો (જેમ કે હૂંફાળું ઊની કપડું).

## 4 મારો ચેપ કેટલો સમય ટકી શકે?

| **ખાંસી** | **ગળામાં દુખાવો અથવા કાનનો દુખાવો** | **સાધારણ શરદી** | **નોરોવાયરસ** (શિયાળાની ઉલટી) | **સિનુસાઇટિસ** |
|---|---|---|---|---|
| 21 દિવસ | 7 થી 8 દિવસ | 14 દિવસ | 2 થી 3 દિવસ | 14 થી 21 દિવસ |

જો તમારા લક્ષણો વધુ ખરાબ થઈ રહ્યા હોય તો તમારા જી.પી. નો સંપર્ક કરો અથવા જો તમે ઉપર જણાવેલ સમય **સુધી સાજા ન થાવ તો.**

સામાન્ય ચેપ અંગે **સ્વ-સંભાળ સલાહ** માટે **www.nhs.uk** ની મુલાકાત લો.

## 5. શું ચેપમાંથી સાજા થવા માટે મારે એન્ટિબાયોટિક્સની જરૂર પડશે?

- તમારું **શરીર સામાન્ય રીતે** તેના પોતાની જાતે સામાન્ય ચેપ સામે લડી શકે છે.
- તમને સામાન્ય રીતે એન્ટિબાયોટિક્સની જરૂર હોતી નથી, સિવાય કે **બેક્ટેરિયલ** ચેપ (જેમ કે પેશાબની ચેપ) ના લક્ષણો ગંભીર ન હોય - હેલ્થકેર પ્રોફેશનલ તમને આ અંગે સલાહ આપી શકે છે.
- જ્યારે તમારે  ની જરૂર ન હોય ત્યારે એન્ટિબાયોટિક્સ લેવી તમને અને તમારા પરિવારને જોખમમાં મૂકે છે.
- એન્ટિબાયોટિક્સ વિશે તમારા **હેલ્થકેર વ્યાવસાયિકની સલાહને અનુસરો.**



એન્ટીબાયોટીક્સ વિશે **www.antibioticguardian.com** પર વધુ જાણો

## 6. હું મારા ચેપને ફેલાવવાથી કેવી રીતે રોકી શકું?

**જો તમને ખાંસી અથવા છીંક ખાવાની જરૂર હોય તો:**

**તેને પકડો**



ટીશ્યુ(અથવા તમારી કોણીના અંદરના ભાગ) વડે

**બિનમાં નાખો**



વપરાયેલી પેશીઓ ફેંકી દો

**તેનો નાશ કરો**



તમારા હાથ સાફ કરીને

ઓછામાં ઓછા 20 સેકંડ માટે સાબુ અને પાણી અથવા હેન્ડ સેનિટાઇઝરથી હાથ સાફ કરો:

- ✓ ખોરાક તૈયાર કરતા અને ખાતા પહેલા
- ✓ ટોઇલેટનો ઉપયોગ કર્યા પછી
- ✓ પાળતુ પ્રાણી અથવા પશુઓને સ્પર્શ કર્યા પછી
- ✓ ઘર છોડતી અને ઘરે પહોંચતી વખતે



સાફ કર્યા વિનાના હાથ વડે તમારી આંખો, નાક અથવા મોંને સ્પર્શ કરવાનું **ટાળો.**

જો શક્ય હોય તો, **અન્યથી તમારું અંતર રાખો** (2 મીટર અથવા 6 ફુટ) , ખાસ કરીને તમારા ઘરના બિમાર લોકોથી.



**તમારા મોં સાથે સંપર્કમાં આવતી વસ્તુઓ** શેર ન કરો, જેમ કે ખાવાપીવાના વાસણો અને ટૂથબ્રશ.



તમને અને તમારા પરિવાર**ને રસીકરણ સાથે અદ્યતન રાખો. જો તમે પાત્ર હોય તો હંમેશા શિયાળાની રસીઓ** (જેમ કે ફ્લૂ) મેળવો.

સામાન્ય ચેપ અંગે **વધુ સલાહ માટે ફાર્મસી** ની મુલાકાત લો અથવા કોલ કરો

## 7. મારે ગંભીર માંદગીનાં કયા લક્ષણો પ્રત્યે સાવધાન રહેવું જોઈએ?

**ગંભીર** માથાનો દુખાવો અને ઉલટી

**તાવ અથવા શરદી** (38°C ઉપર તાપમાન અથવા 36°C કરતા ઓછું) ચાલુ રહે

ખોરાક **રાક ગળવામાં** સમસ્યાઓ

મોંની આસપાસ ભાગ **વાદળી થઈ જવું**

ખાંસી **લોહી**

શ્વાસ લેવો સામાન્ય કરતા ઝડપી અથવા ધીમો

**કિડનીનો દુખાવો** તમારી પીઠમાં તમારી પાંસળી હેઠળ

**છાતીમાં દુખાવો** અથવા જકડાઈ જવી

નવા **ખૂબ ઝડપી અથવા ધીમા ધબકારા**

પેશાબમાં **લોહી** દેખાવું

પેશાબ કરતી વખતે **તીવ્ર પીડા**, અથવા રાત્રે વધુ પેશાબ થવો

**ડહોળું પેશાબ** પ્રવાહી સાથે 1 થી 2 દિવસમાં સુધારો ન થાય

**જો તમને ઉપરનાં લક્ષણો હોય, તો તાત્કાલિક તમારા જી.પી.નો સંપર્ક કરો અથવા તમારા ક્ષેત્ર માટે નીચેની સેવાઓનો ઉપયોગ કરો.**

**એનએચએસ ઈંગલેંડ**

CALL 111

**જ્યારે તે ઓછું હોય ત્યારે કટોકટી હોય તો 999**

**www.111.nhs.uk**

**એનએચએસ ડાયરેક્ટ વેલ્સ**

NHS Direct Wales 0845 46 47 Galw IECHYD Cymru

**www.111.wales.nhs.uk**

**એનએચએસ સ્કોટલેન્ડ**

NHS 24 CALL 111

**www.nhs24.scot**

**નોર્થર્ન આયર્લેન્ડ**

HSC Public Health Agency

Project supported by the PHA

**તમારી જી.પી. પ્રેક્ટિસનો સંપર્ક કરો**

જો તમને ગુપ્ત દુભાષિયાની જરૂર હોય તો આ સેવાઓ પ્રદાન કરી શકે છે.

## 8. જો મને સેપ્સિસના ચિહ્નોની શંકા હોય તો શું?

સેપ્સિસ એ ચેપ પ્રત્યે જીવલેણ પ્રતિક્રિયા છે. સંભવિત ચિહ્નો આ છે:

- અસ્પષ્ટ વાણી, મૂંઝવણ અથવા સુસ્તી
- અત્યંત ધ્રુજારી
- એક દિવસમાં બિલકૂબ પેશાબ ન થવો
- શ્વાસ લેવામાં તીવ્ર તકલીફ
- તમને એવું લાગેકે તમે મરી જશો
- ડાઘવાળી અથવા વિકૃત ત્વચા

**જો તમને અથવા અન્ય લોકોને સેપ્સિસના ચિહ્નો હોય તો તરત જ 999 પર કોલ કરો**